# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-01-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Amit Shah – Kite Festival

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના  મેમનગરમાં આવેલી શાંતિનિકેતન સોસાયટીમાં પ્રજાજનો વચ્ચે ઉતરાયણની ઉજવણી કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉજવણીમાં સહભાગી થયા હતા.

ઉતરાયણ પર્વ પ્રસંગે સોસાયટીના સભ્યો દ્વારા શાંતિનિકેતન સોસાયટીને રંગબેરંગી પતંગો અને રંગોળીથી સજાવવામાં આવી હતી. સોસાયટીની મહિલાઓ અને બાળાઓએ અમિત શાહનું ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું. આ પ્રસંગે ઢોલ નગારા અને સાંસ્કૃતિક નૃત્યો દ્વારા મહાનુભાવોને આવકારવામાં આવ્યા હતા. ગૃહમંત્રી અમિત શાહે અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોસાયટીના સભ્યો અને સ્થાનિકોનું અભિવાદન ઝીલ્યું હતું. આ સાથે જ અમિત શાહે ધાબા પરથી પતંગ ચગાવવાનો આનંદ માણ્યો હતો.

ઉતરાયણ પર્વની કેન્દ્રીય મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે શુભેચ્છા પાઠવી હતી.

દરમિયાન અમિત શાહે સહ પરિવાર અમદાવાદના આવેલા પ્રસિદ્ધ ભગવાન જગન્નાથ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી.

શ્રી શાહે આજે બપોરે ઘાટલોડીયામાં ગુજરાત આવાસ પોલીસ નિગમ દ્વારા નિર્મિત થનાર રહેણાંક કક્ષાના 920 આવાસો તેમજ પોલીસ મથકનું ખાતમુર્હૂત કર્યું હતું. આ અંગે વધુ માહિતી આપે છે કે,

ગુજરાત પોલીસ આવાસ નિગમના ઈન્ચાર્જ મેનેજિંગ ડાયરેક્ટર નિપુર્ણા તોરવણે

(બાઈટ – નિપુર્ણા તોરવણે )

# Uttrayan Ujavani

સમગ્ર રાજ્યમાં આજે ઉમંગ, ઉત્સાહ, ઉલ્લાસ સાથે ઉતરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે સવારથી જ પતંગ રસિયાઓ ધાબા પર જઈને પતંગ ચગાવવાની મજા માણી રહ્યા છે. રંગબેરંગી પતંગોએ આકાશમાં જાણે કે ઈન્દ્ર ધનુષી રંગ પૂર્યા હતા.

પતંગ ચગાવવાની સાથે સાથે માથે કેપ અનો ગોગલ્સ પહેરીને સંગીતના સથવારે ડીજેના તાલે થિરકતા પતંગ બાજોએ એ કાપ્યો અને લપેટ....લપેટના સૂત્રો સાથે વાતાવરણની જીવંત અને ધબકતું બનાવી દીધુ છે. લોકોએ ઉંધુયી – જલેબી, બોર, તલના લાડુ તેમજ શેરડીની જયાફત પણ માણતા જોવા મળી રહ્યા છે.

ઉતરાયણ એટલે દાન-પુર્ણ કરવાનો પ્રસંગ. આજે સવારથી લોકો પશુ – પક્ષીઓને ચણ – ઘાસ નિરતા મળી રહ્યા હતા.

# Banaskantha Uttrayan

આજે ઉત્તરાયણ પર્વની બનાસકાંઠા જિલ્લામાં ધામધૂમ પૂર્વક ઉજવણી થઈ છે. તો સાથે સાથે સેવા ભાવિ સંસ્થાઓ દ્વારા ગૌશાળા, પાંજરાપોળમાં દાન કરવામાં આવી રહ્યું છે. બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાની ભેસાણા ગૌશાળામાં નિસ્વાર્થ ભાવે 3000 કરતાં વધારે ગાયો - પક્ષીઓ - કુતરાઓની નિરંતર સેવા થઈ રહી છે.

આ અંગે વધુ માહિતી આપે ગૌભક્ત દાનાભાઈ પટેલ

(બાઈટ – ગૌભક્ત દાનાભાઈ પટેલ)

# Prani Kalyan Pakhvadiyu

રાજ્યભરમાં પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા આજથી ૩૦ જાન્યુઆરી સુધી "પ્રાણી કલ્યાણ પખવાડીયા"ની ઉજવણી કરવામાં આવશે. આ સપ્તાહ દરમિયાન રાજ્યભરમાં અબોલ પ્રાણીઓના કલ્યાણને લગતા તથા તેમના પ્રત્યે પ્રેમ વધે તે સંલગ્ન વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે તેમ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.રાજ્યની પ્રાણી કલ્યાણ સંસ્થાઓ અને સંબંધિત નાગરિકો દ્વારા બિમાર અને ઘાયલ પશુઓ માટે સારવાર કેમ્પ તથા તાલીમ શિબિર જેવા પ્રાણી કલ્યાણના વિવિધ કાર્યક્રમો યોજાશે.આ ઉપરાંત સમગ્ર પખવાડિયા દરમિયાન જનજાગૃતિને લગતા કાર્યક્રમોનું આયોજન કરીને શાળા, કોલેજ, કન્યા કેળવણી મંડળો તેમજ ગ્રામ પંચાયતો અને નગરપંચાયતો તરફથી પ્રાણી કલ્યાણ અને પ્રાણી પ્રત્યે પ્રેમ, દયા વિશે ચર્ચાઓ, વક્તૃત્વ સ્પર્ધાઓ પણ યોજાશે.

# patan sidhraj jay sinh death anniversary

પ્રાચીન ઐતિહાસિક નગર પાટણના રાજવી રાજા સિદ્ધરાજ જયસિંહના નિર્વાણ દિવસ નિમિત્તે આજે શહેરના બગવાડા દરવાજા ચોકમાં આવેલ સિધ્ધરાજ જયસિંહની પ્રતિમા ખાતે શહેરની વિવિધ સંસ્થાઓ તેમજ નગરપાલિકાના પ્રમુખ .અને નગરસેવકો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# chhota udepur daru

છોટાઉદેપુર જિલ્લાના બોડેલીમાં ૪ લાખ ૨૫ હજારથી વધુની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ પકડી પાડવામાં આવ્યો છે. અમારા પ્રતિનિધીના જણાવ્યા મુજબ બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં શાકભાજીની આડમાં લઇ જવાતો દારૂ પોલીસે બાતમીના આધારે પકડી પાડ્યો હતો.

# RAILWAY – TRAIN RADD

ઉત્તર રેલવેના જમ્મૂતાવી સ્ટેશન પર રિડેવલપમેન્ટ કામને કારણે આવતીકાલથી 6 માર્ચ 2025 સુધી બ્લોક લેવામાં આવ્યો છે, જેના કારણે પાંચ ટ્રેનને રદ કરાઇ છે અને અન્ય કેટલીક ટ્રેનને આઁશિક રીતે રદ કરાઇ છે. રદ કરાયેલી ટ્રેનોમાં ચોથી માર્ચની હાપા-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ રદ્દ રહેશે.  05 માર્ચની જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ, 06 માર્ચની શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-ગાંધીધામ એક્સપ્રેસ આવતા અને જતા રદ રહેશે.